

# નવા રજીસ્ટ્રેશન માટેની વપરાશકર્તા માર્ગદર્શિકા
## (યુઝર મેન્યુઅલ)

### -: અનુક્રમણિકા :-



| ક્રમ. | વિગત | સ્ટેપોને અનુસરો | પાના નં. |
|---|---|---|---|
| ૧. | સ્વિમિંગ પૂલના નિયમો અને નિયમન | ---- | ૨ થી ૩ |
| ૨. | સ્વિમિંગ પૂલોનાં સરનામાં | ---- | ૪ થી ૫ |
| ૩. | સ્વિમિંગ પૂલોનો સમય-પત્રક | ---- | ૬ થી ૭ |
| ૪. | ફી નું માળખું | ---- | ૮ |
| ૫. | 'Login' કેવી રીતે કરવું? | ૧ થી ૭ | ૯ થી ૧૨ |
| ૬. | નવી રજીસ્ટ્રેશન ની પ્રક્રિયા | ૮ થી ૨૨ | ૧૩ થી ૨૨ |

## :: સુચના ::

૧. ઓનલાઈન મારફતે SMC ની વેબસાઈટ "www. suratmunicipal.gov.in" પર જઈ નવા પ્રવેશ માટે રજીસ્ટ્રેશન કરી જાન્યુઆરી–એપ્રિલ–જુલાઈ અને ઓકટોબર માસની ૧ થી ૭ તારીખ સુધીમાં પ્રવેશ–ફી ભરી પ્રવેશ મેળવી શકશે. (ઓનલાઈન પ્રવેશ–ફી ભરયાં પછી જ તમારો પ્રવેશ કન્ફર્મ ગણવામાં આવશે.)(ડાઈવીંગપુલ સિવાય)

૨. ઓનલાઈન મારફતે નવા પ્રવેશનાં રજીસ્ટ્રેશન દરમ્યાન પાસપોર્ટ સાઈઝના ફોટા, આધાર–કાર્ડ ની ઝેરોક્ષની નકલ(બંને બાજુ એક જ પાનાં ઉપર લઈ પોતાની સહી કરવી), કોરા સફેદ પાનાં પર પોતાની સહીનો નમૂનો(૧૬ વર્ષથી નાની ઉંમરાના સભ્ય માટે જવાબદાર વાલી/ગાર્ડિયન ની સહીનો નમૂનો) તથા મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટ (૫૦ વર્ષ થી નાની ઉંમરના સભ્યોએ એમ.બી.બી.એસ. અથવા એમ.ડી. ડોકટર તથા ૫૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના સભ્યોએ ફરજીયાત એમ.ડી ડોકટર ના સહી–સિકકા રજીસ્ટર નંબર સહિત) સ્કેન કરી અપલોડ કરવાનાં રહેશે.

૩. નવા પ્રવેશ મેળવેલ સભ્યોએ નવા આઈડેન્ટીટી કાર્ડ જે–તે તરણકુંડની ઓફિસનો સંપર્ક કરી ઓનલાઈન મારફતે જનરેટ થતી રિસિપ્ટ, ૦૧(એક) નંગ પાસપોર્ટ સાઈઝનો ફોટો તથા મૂળ(ઓરીજનલ) મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટ જમા કરાવી મેળવી લેવાનો રહેશે.

૪. દરેક રેગ્યુલર સભ્યોએ દર ૦૨(બે) વર્ષ બાદ રીન્યુઅલ સમયે ઓનલાઈન જનરેટ થયેલ મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટમાં ડોકટરનાં સહી–સિકકા કરાવી જમા કરાવાનું રહેશે.

૫. દરેક રેગ્યુલર સભ્યોએ અંતિમ ચાલુ માસની તારીખ ૨૨ થી ૨૮ માં રીન્યુઅલ ફી ભરી જવી. (આ તારીખમાં રીન્યુઅલ ન કરી શકનાર રેગ્યુલર સભ્યોએ પછીનાં માસની તારીખ ૧ થી ૫ સુધીમાં રીન્યુઅલ પ્રવેશ કરી શકશે.)

૬. રીન્યુઅલ પ્રવેશ ન કરી શકેલ સભ્યોએ (એક માસથી વધુ સમયાંતર વાળા સભ્યો માટે) તેઓના જુના આઈડેન્ટીટી કાર્ડ તેમજ મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટ(ઓનલાઈન અપલોડ કરી) સાથે ઓનલાઈન/ઓફલાઈન માધ્યમ મારફતે દરેક માસની તારીખ ૧ થી ૫ માં રીન્યુઅલ પ્રવેશ આપવામાં આવશે. પરંતુ નિયત માસિક સમય ધોરણો ની વચ્ચેનાં માસમાં રીન્યુઅલ કરવાથી સ્લેબનાં ગુમાવેલ આગળનાં માસની ફી મજરે લેવાનો લાભ મળવા પાત્ર રહેશે નહીં.

૭. ૫ થી ૧૦ વર્ષ સુધીના વયના બાળકોને બાળ તરણકુંડમાં પ્રવેશ આપવામાં આવશે. તેમજ નાના બાળકોને લઈ આવનાર માતા/પિતા વાલીઓ તરણકુંડ ની અંદર ડેક એરીયામાં પ્રવેશ કરી શકશે નહિ. તેઓ તરણકુંડના કમ્પાઉન્ડમાં રહી શકશે.

૮. ૧૦ વર્ષ થી વધુ વયના સભ્યોને મોટા તરણકુંડમાં પ્રવેશ આપવામાં આવશે.(બાળ તરણકુંડ સિવાયના)

૯. દર શનિવારે બપોર બાદ અને દર રવિવારે તેમજ જાહેર તહેવારના દિવસે સ્વીમીંગપુલો બંધ રહેશે.

૧૦. માર્ચથી ઓકટોમ્બર સુધી સવારના ૬:૧૫ કલાકે તથા નવેમ્બર થી ફેબ્રુઆરી સુધી સવારના ૭:૦૦ કલાકે પ્રથમ બેચ શરૂ થશે.

૧૧. માર્ચ થી ફેબ્રુઆરી સુધી પાલ તરણકુંડ ખાતે મહિલા બેચનો સમય સવારે ૧૦:૧૫ કલાક થી ૧૧:૦૫ કલાક સુધીનો રહેશે.

૧૨. નવેમ્બર થી ફેબ્રુઆરી સુધી તરણકુંડ ખાતે દર શનિવારે મહિલા બેચનો સમય સવારે ૧૧:૧૫ કલાક થી ૧૨:૦૫ કલાક સુધીનો (શીખાઉ + રેગ્યુલર સભ્યો) રહેશે. (વનિતા વિશ્રામ( મહિલા) તરણકુંડ/પાલ તરણકુંડ સિવાય).

૧૩. માર્ચથી ઓકટોમ્બર સુધી બાળ તરણકુંડ ખાતે બેચનો સમય સવારે ૯:૧૫ કલાક થી ૧૦:૦૫ કલાક સુધીનો (શીખાઉ) તથા સાંજે ૫:૩૦ કલાક થી ૬:૨૦ કલાક સુધીનો શીખાઉ રહેશે. નવેમ્બર થી ફેબ્રુઆરી બાળ તરણકુંડ ખાતે બેચનો સમય સવારે ૧૦:૦૦કલાક થી ૧૦:૫૦ કલાક સુધીનો (શીખાઉ + તરવૈયા) તથા સાંજે ૫:૦૦ થી ૫:૫૦ કલાક સુધી ( શીખાઉ + તરવૈયા)નો રહેશે.

૧૪. ડાઈવીંગપુલમાં ૧૫ વર્ષ થી ૬૦ વર્ષની વયના ફકત અનુભવી તરવૈયા જેઓએ ૧૦૦ મીટર લંબાઈમાં સળંગ તરણ પૂર્ણ કરેલ તથા સ્વીમીંગપુલની મધ્યે સતત ૧૦ મીનીટ સાયકલીંગ પૂર્ણ કરેલ હોય તેવા તરવૈયાઓને જ પ્રવેશ આપવામાં આવશે. (ડાઈવીંગ પુલની અંદર ઈન્સ્ટ્રકટરની ગેરહાજરીમાં ડાઈવીંગ તથા સ્વીમીંગ (તરણકળા) કરવી નહિ.)

૧૫. દરેક સભ્યોને આપવામાં આવેલ આઈડેન્ટીટી કાર્ડ દરરોજ ફરજીયાત લાવવાના રહેશે અને આઈડેન્ટીટી કાર્ડ ઉપર જે બેચ સુચવવામાં આવ્યા હશે તે જ બેચમાં આવવાનું રહેશે. આઈડેન્ટીટી કાર્ડ વગર સ્વીમીંગપુલમાં પ્રવેશ મળશે નહીં.

૧૬. સ્વીમીંગપુલની અંદર સ્વીમીંગ ઈન્સ્ટ્રકટરની ગેરહાજરીમાં સ્વીમીંગ કરવું નહીં. સ્વીમીગપુલના સભ્યોએ ફરજ ઉપરના કર્મચારીઓ સાથે સભ્યતાથી વર્તવું.

૧૭. દરેક સભ્યોએ સ્વીમીંગ કોસ્યુમ(સફેદ કોસ્યુમ સિવાય) પહેરવું ફરજીયાત છે.સ્વીમીંગ કરતા પહેલા અને સ્વીમીંગ કર્યા પછી શાવર અચુક લેવાનો રહેશે અને શાવર દરમ્યાન સાબુ / શેમ્પુનો ઉપયોગ કરવો નહી. સ્વીમીંગપુલની અંદર તથા બહારના ભાગમાં ગંદકી કરવી નહિ કે ધુમ્રપાન કરવું નહીં તથા પાન/માવા /ગુટખા ખાવા નહિ.

૧૮. કોઈપણ સભ્યની અગત્યની ચીજ વસ્તુ ગુમ થાય કે ચોરાઈ જાય તો તેની જવાબદારી ફરજ પરના કર્મચારીઓ તથા સુરત મહાનગરપાલિકાની રહેશે નહીં.

૧૯. સ્વીમીગપુલની જાળવણી કરવી અને તેના યથાયોગ્ય ઉપયોગ કરવાની દરેક સભ્યની ફરજ છે. જો કોઈ સભ્ય સ્વીમીગપુલની મિલકતને નુકશાન કરતા જણાશે તો તેનુ સભ્યપદ રદ કરવામાં આવશે. તેમજ આજીવન સુધી તેને સભ્યપદ આપવામાં આવશે નહી.

૨૦. કોઈપણ સભ્યની ફરીયાદ ચીફ ઈન્સ્ટ્રકટરને લેખિતમાં કરવાની રહેશે.

૨૧. જે સ્વીમીંગપુલોમાં ડાઈવીંગ પ્લેટફોર્મ ત્યાં બેચ સમય પુર્ણ થવાના ૧૫ મીનીટ પહેલા જ ડાઈવીંગ પર થી ડાઈવીંગ કરવા દેવામાં આવશે. કોઈ પણ સભ્યોએ ડાઈવીંગ કરવા માટે સ્ટાર્ટીંગ બ્લોકનો ઉપયોગ કરવો નહિ.

૨૨. સભ્યોએ ફરજીયાત ટ્રાયલ આપીને બેચ બદલાવાનો રહેશે. (જે સંખ્યાને આધીન રહેશે.)

૨૩. રેગ્યુલર તરવૈયાઓની સાથે આવનાર (ગેસ્ટ તરીકે) કુશળ તરણકળા કરનાર ને જ ગેસ્ટ તરીકે પ્રવેશ આપવામાં આવશે. (ગેસ્ટ તરીકે આવનારની ગેસ્ટની સંપૂર્ણ જવાબદારી તેઓને લઈ આવનાર રેગ્યુલર તરવૈયાની રહેશે.)

૨૪. રાજય/રાષ્ટ્રીય/આંતરાષ્ટ્રીય કક્ષાએ રમેલા તરણ ક્ષેત્રના ખેલાડીઓ માટે વય–મર્યાદા લાગુ રહેશે નહીં. (તરણનું પ્રમાણપત્ર રજુ કરવું.)

## :: સુરત મહાનગરપાલિકા સંચાલિત તરણકુંડોનાં સરનામું દર્શાવતું પત્રક ::

| અ.નં. | ઝોનનું નામ | તરણકુંડનું નામ | સરનામું |
|---|---|---|---|
| ૧. | સેન્ટ્રલ ઝોન [Central Zone] | ૧. દાદાભાઈ પંડયા તરણકુંડ (Dadabhai Pandya Swimming Pool) (ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૧૭૬) | ડચ ગાર્ડનની નજીક, મકકાઈપુલ, નાનપુરા, સુરત–૩૯૫૦૦૭. (Near Dutch Garden,Nanpura, Makkaipul, Nanpura, Surat-395007.) |
| | | ૨. ચીમનભાઈ લાપસીવાલા (રૂસ્તમપુરા) તરણકુંડ (Chimanbhai Lapsiwala Swimming Pool) (ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | મ્યુનિ. હેલ્થ સેન્ટરની સામે, આશાપુરીમાતા ના મંદિરની બાજુમાં, રૂસ્તમપુરા,સુરત– ૩૯૫૦૦૨. (Opp. Municipal Health Centre, Beside Ashapuri Mata Temple, Rustampura,Surat-395002.) |
| | | ૩. લકકડકોટ તરણકુંડ. (Lakkadkot Swimming Pool) (ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | કોમ્યુનિટી હોલની બાજુમાં, ગલેમંડી રોડ, દિલ્હી ગેટ, લકકડ કોટ, સુરત–૩૯૫૦૦૨. (Near Community Hall, Galemandir road, Delhi-Gate, Lakkadkot, Surat-395002.) |
| ૨. | સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન [South West Zone] | ૧. વિનાયક જરીવાલા તરણકુંડ (ચોપાટી) (Vinayak Jariwala Swimming Pool) (Chopati) (ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | નહેરૂ ગાર્ડનની બાજુમાં, કે.પી. કોર્મસ કોલેજ સામે,અઠવાલાઈન,ચોપાટી,સુરત–૩૯૫૦૦૧. (Beside Nehru Garden, Opp. Sir K.P. Commerce College, Athwalines, Chopati, Surat-395001.) |
| | | ૨. વનિતા વિશ્રામ મહિલા તરણકુંડ (VanitaVishram Mahila Swimming Pool) (ફોન નં.:– ૦૨૬૧–૨૬૬૦૫૩૫) | વનિતા વિશ્રામ સ્કુલની પાછળ, અઠવાલાઈન્સ, સુરત–૩૯૫૦૦૧. (B/H Vanita Vishram School, Athwalines, Surat-395001.) |
| | | **વનિતા વિશ્રામ શાળાનાં વિધાર્થીઓએ નવા પ્રવેશ તથા રીન્યુઅલ માટે તાજેતરનું બોનોફાઈડ સર્ટીફીકેટ સાથે વનિતા વિશ્રામ મહિલા તરણકુંડની ઓફિસનો સંપર્ક કરવો.** | |
| | | ૩. અલથાણ તરણકુંડ (Althan Swimming Pool) (ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | ડી.આર.બી.કોલેજની સામે, નેસ્ટ હાઉસની નજીક, ન્યુ સીટીલાઈટ,અલથાણ, સુરત–૩૯૫૦૦૭. (Opp. D.R.B.College, Beside Nest House, New Citylight, Althan, Surat-395007.) |
| ૩. | નોર્થ (કતારગામ) ઝોન [North Zone] | ૧. કતારગામ તરણકુંડ (Katargam Swimming Pool) (ફોન નં.:– ૦૨૬૧–૨૫૩૦૫૩૦) | કોમ્યુનિટી હોલની બાજુમાં ,મુકેશ ડાઈંગ મીલની સામે, વસ્તાદેવડી રોડ, કતારગામ, સુરત–૩૯૫૦૦૩. (Beside Community Hall, Opp. Mukesh Dying, Vastadevadi road, Katargam, Surat-395003.) |
| | | ૨. સીંગણપોર તરણકુંડ (Singanpor Swimming Pool) (ફોન નં.:– ૦૨૬૧–૨૫૧૧૨૬૩) | મ્યુનિ. કોમ્યુનિટી હોલની પાછળ, ન્યુ ત્રિવેણી સોસાયટીની સામે, સીંગણપોર રોડ, સુરત–૩૯૫૦૦૪.) (B/H Municipal Community Hall, Opp. New Triveni Society, Singarpor Main Road, Surat-395004.) |
| ૪. | સાઉથ ઈસ્ટ (લીંબાયત) ઝોન [South East Zone] | ૧. ડીંડોલી તરણકુંડ (Dindoli Swimming Pool) (ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | મ્યુનિ. કોમ્યુનિટી હોલની નજીક,અંબિકા ટાઉનશીપની બાજુમાં, ડીંડોલી તળાવની સામે, ડીંડોલીગામ, સુરત–૩૯૪૨૧૦. (Near Municipal Community Hall, Beside Ambica Township, Opp. Dindoli Lake, Dindoligam, Surat-394210.) |
| | | ૨. ડુંભાલ તરણકુંડ (Dumbhal Swimming Pool) (ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | તેરાપંથ ભવનની પાસે, રામબાગ પેલેસની પાછળ, ડુંભાલ, સુરત–૩૯૫૦૧૦. (Near Terapanth Bhavan, B/H Ram Baugh Palace, Dumbhal, Surat-395010.) |
| ૫. | સાઉથ (ઉધના) ઝોન [South Zone] | ૧. ઉધના તરણકુંડ (Udhna Swimming Pool) (ફોન નં.:– ૦૨૬૧–૬૫૩૧૦૦૧) | ઝોન ઓફિસની સામેની ગલી, સમીથી સ્કુલની નજીક, ગાયત્રી મંદિરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦. (Opp. Zone Office, Near Samithi School, Opp. Gayatri Temple, Udhna, Surat-394210.) |

| અ.નં. | ઝોનનું નામ | તરણકુંડનું નામ | સરનામું |
|---|---|---|---|
| ૬. | પૂર્વ (વરાછા) ઝોન–અ [East Zone-A] | ૧. વરાછા (મીની બજાર) તરણકુંડ (Varachha(Mini Bazar) Swimming Pool) (ફોન નં.:– ૦૨૬૧–૨૫૪૬૩૧૨) | ક્રાંતિ મેદાન, , સરદાર સ્મૃતિભવનની બાજુમાં , વરાછા ઝોન ઓફિસની સામે, વરાછા, સુરત–૩૯૫૦૦૩. (Kranti Ground, Beside Sardar Smrutibhavan, Opp. Varachha Zone Office, Varachha, Surat-395003.) |
| ૭. | પૂર્વ (વરાછા) ઝોન–બ [East Zone-B] | ૧. મહારાણા પ્રતાપ તરણકુંડ (કાપોદ્રા) (Maharana Pratap Swimming Pool) (Kapodra) (ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | મ્યુનિ. મહારાણા પ્રતાપ(ચોપાટી) ગાર્ડની બાજુમાં, વરાછા વોટર વર્ક્સની બાજુમાં, કાપોદ્રા, સુરત–૩૯૫૦૦૬. (Beside Municipal Maharana Pratap(Chopati) Garden, Near Varachha Water Works, Kapodra, Surat-395006.) |
| | | ૨. મોટાવરાછા–ઉત્રાણ તરણકુંડ (Motavarachha-Utran Swimming Pool) (ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | ગોલ્ડન સીટી રેસીડેન્સીની સામે, વ્હાઈટ હાઉસની બાજુમાં, ગોલ્ડન સીટી રોડ, મોટાવરાછા, સુરત–૩૯૪૧૦૫. (Opp. Golden City Residency, Beside White House, Golden City Road, Motavarachha, Surat-394105.) |
| ૮. | વેસ્ટ (રાંદેર) ઝોન [West Zone] | ૧. વીર સાવરકર તરણકુંડ (અડાજણ) (Veer Savarkar Swimming Pool) (Adajan) (ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૧૭૬) | જયોતિન્દ્ર દવે ગાર્ડનની બાજુમાં, પ્રાઈમઆર્કેડની પાછળ, મ્યુનિ. જોગાણી નગર જળવિતરણ મથકની બાજુમાં, અડાજણ, સુરત–૩૯૫૦૦૫. (Near Jyotindra Dave Garden,B/H Prime Arcade, Beside Water Tank, Adajan, Surat-395005.) |
| | | ૨. ડાઈવીંગ તરણકુંડ (અડાજણ) (Diving Swimming Pool) (Adajan) (ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | સહેજ સુપર સ્ટોરની સામે, પાણીની ટાંકીની બાજુમાં, અડાજણ,સુરત–૩૯૫૦૦૫. (Opp. Sahaj Super Store, Beside Water Tank, Adajan, Surat-395005.) |
| | | • **ડાઈવીંગપુલમાં ૧૫ વર્ષ થી ૬૦ વર્ષની વયના ફકત અનુભવી તરવૈયાઓને જ પ્રવેશ આપવામાં આવશે.** • **ડાઈવીંગપુલમાં પ્રવેશ મેળવવા પહેલાં કુશળ તરવૈયા તરીકેની યોગ્યતા ચકાસણી માટે ઓનલાઈન પ્રવેશ–ફોર્મ ભરી તેની પ્રિન્ટ કાઢી તરણકુંડ ઓફિસનો સંપર્ક કરવો.** | |
| | | ૩. પાલ તરણકુંડ (Pal Swimming Pool) (ફોન નં.:– ૦૨૬૧–૨૪૬૦૩૫૨) | વૈષ્ણવદેવી લાઈફ સ્ટાઈલની સામે, પાલ રોડ,સુરત–૩૯૫૦૦૯. (Opp. Vaishnodevi Life Style, Pal road, Surat-395009.) |

| મહિલા તરણકુંડોનાં નામ (Lady Swimming Pool) | બાળ તરણકુંડોનાં નામ (Children Swimming Pool) |
|---|---|
| ૧. વનિતા વિશ્રામ મહિલા તરણકુંડ (VanitaVishram Mahila Swimming Pool) | ૧. વિનાયક જરીવાલા તરણકુંડ (ચોપાટી) (Vinayak Jariwala Swimming Pool)(Chopati) |
| **સ્પેશીયલ મહિલા બેચો ચાલતાં તરણકુંડો નામ (Swimming Pool for Special Lady Batches)** | ૨. વરાછા (મીની બજાર) તરણકુંડ (Varachha(Mini Bazar) Swimming Pool) |
| ૧. વરાછા (મીની બજાર) તરણકુંડ (Varachha(Mini Bazar) Swimming Pool) | ૩. ડીંડોલી તરણકુંડ (Dindoli Swimming Pool) |
| ૨. મહારાણા પ્રતાપ તરણકુંડ (કાપોદ્રા) (Maharana Pratap Swimming Pool) (Kapodra) | ૪. ઉધના તરણકુંડ (Udhna Swimming Pool) |
| ૩. પાલ તરણકુંડ (Pal Swimming Pool) | **નોંધ:–બાળ તરણકુંડોમાં ૦૫ વર્ષ થી ૧૦ વર્ષની વયના બાળકોને જ પ્રવેશ આપવામાં આવશે.** |
| ૪. વીર સાવરકર તરણકુંડ (અડાજણ) (Veer Savarkar Swimming Pool) (Adajan) | |

• **<u>નોંધ</u>:– તમામ તરણકુંડોનો શિયાળ સીઝન (નવેમ્બર થી ફેબ્રુઆરી માસ) દરમ્યાન શિખાઉ/રેગ્યુલર બેચોનો સમય બદલતો હોવાથી સમય–પત્રકનો અભ્યાસ કર્યા પછી જ નવા પ્રવેશ/રીન્યુ કરવાનું રહેશે.**

સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ તરણકુંડોનાં મા.મ્યુ.કમિશ્નરશ્રીના તા.:-૨૭/૦૭/૨૦૧૮ નાં રોજ મળેલ મંજુરી મુજબ બેચોના સમય-પત્રક.

## -:: સમય-પત્રક ::-

- દાદાભાઈ પાંડિયા તરણકુંડ
- વિનાયક જરીવાલા–ચોપાટી તરણકુંડ
- વનિતા વિશ્રામ મહિલા તરણકુંડ
- ઉધના તરણકુંડ
- કતારગામ તરણકુંડ
- ચી.લા.રૂસ્તમપુરા તરણકુંડ
- સીંગણપોર તરણકુંડ
- ડુંભાલ તરણકુંડ
- લકકડકોટ તરણકુંડ
- ડીંડોલી તરણકુંડ
- અલથાણ તરણકુંડ
- મોટાવરાછા–ઉત્રાણ તરણકુંડ

| માર્ચ થી ઓકટોબર | નવેમ્બર થી ફેબ્રુઆરી |
|---|---|
| સવારે | સવારે |
| (૧) ૬ : ૧૫ થી ૭ : ૦૫ (તરવૈયા) | (૧) ૭ : ૦૦ થી ૭ : ૫૦ (તરવૈયા) |
| (૨) ૭ : ૧૫ થી ૮ : ૦૫ (તરવૈયા) | (૨) ૮ : ૦૦ થી ૮ : ૫૦ (તરવૈયા) |
| (૩) ૮ : ૧૫ થી ૯ : ૦૫ (શિખાઉ) | (૩) ૯ : ૦૦ થી ૯ : ૫૦ (શિખાઉ + તરવૈયા) |
| (૪) ૯ : ૧૫ થી ૧૦ : ૦૫ (તરવૈયા) | (૪) ૧૦ : ૦૦ થી ૧૦ : ૫૦ (તરવૈયા) |
| (૫) ૧૦ : ૧૫ થી ૧૧ : ૦૫ (શિખાઉ) | |
| સાંજે | સાંજે |
| (૧) ૪ : ૩૦ થી ૫ : ૨૦ (શિખાઉ) | (૧) ૫ : ૦૦ થી ૫ : ૫૦ (શિખાઉ + તરવૈયા) |
| (૨) ૫ : ૩૦ થી ૬ : ૨૦ (તરવૈયા) | |

- વીર સાવરકર–અડાજણ તરણકુંડ
- મીની બજાર–વરાછા તરણકુંડ
- માહારાણ પ્રતાપ–કાપોદ્રા તરણકુંડ

| માર્ચ થી ઓકટોબર | નવેમ્બર થી ફેબ્રુઆરી |
|---|---|
| સવારે | સવારે |
| (૧) ૬ : ૧૫ થી ૭ : ૦૫ (તરવૈયા) | (૧) ૭ : ૦૦ થી ૭ : ૫૦ (તરવૈયા) |
| (૨) ૭ : ૧૫ થી ૮ : ૦૫ (તરવૈયા) | (૨) ૮ : ૦૦ થી ૮ : ૫૦ (તરવૈયા) |
| (૩) ૮ : ૧૫ થી ૯ : ૦૫ (શિખાઉ) | (૩) ૯ : ૦૦ થી ૯ : ૫૦ (શિખાઉ + તરવૈયા) |
| (૪) ૯ : ૧૫ થી ૧૦ : ૦૫ (તરવૈયા) | (૪) ૧૦ : ૦૦ થી ૧૦ : ૫૦ (તરવૈયા) |
| (૫) ૧૦ : ૧૫ થી ૧૧ : ૦૫ (શિખાઉ) | |
| બપોર (મહિલા) | બપોર (મહિલા) |
| (૧) ૨ : ૧૫ થી ૩ : ૦૫ (શિખાઉ) | (૧) ૩ : ૦૦ થી ૩ : ૫૦ (શિખાઉ + તરવૈયા) |
| (૨) ૩ : ૧૫ થી ૪ : ૦૫ (તરવૈયા) | |
| સાંજે | સાંજે |
| (૧) ૪ : ૩૦ થી ૫ : ૨૦ (શિખાઉ) | (૧) ૫ : ૦૦ થી ૫ : ૫૦ (શિખાઉ + તરવૈયા) |
| (૨) ૫ : ૩૦ થી ૬ : ૨૦ (તરવૈયા) | |

- પાલ તરણકુંડ

| માર્ચ થી ઓકટોબર | નવેમ્બર થી ફેબ્રુઆરી |
|---|---|
| સવારે | સવારે |
| (૧) ૬ : ૧૫ થી ૭ : ૦૫ (તરવૈયા) | (૧) ૭ : ૦૦ થી ૭ : ૫૦ (તરવૈયા) |
| (૨) ૭ : ૧૦ થી ૮ : ૦૦ (તરવૈયા) | (૨) ૮ : ૦૦ થી ૮ : ૫૦ (શિખાઉ +તરવૈયા) |
| (૩) ૮ : ૦૫ થી ૮ : ૫૫ (શિખાઉ) | (૩) ૯ : ૦૦ થી ૯ : ૫૦ ( તરવૈયા) |
| (૪) ૯ : ૦૫ થી ૯ : ૫૫ (શિખાઉ+તરવૈયા) | (૪) ૧૦ : ૧૫ થી ૧૧ : ૦૫ (મહિલા) |
| (૫) ૧૦ : ૧૫ થી ૧૧ : ૦૫ (મહિલા) | |
| સાંજે | સાંજે |
| (૧) ૪ : ૩૦ થી ૫ : ૨૦ (શિખાઉ) | (૧) ૫ : ૦૦ થી ૫ : ૫૦ (શિખાઉ + તરવૈયા) |
| (૨) ૫ : ૩૦ થી ૬ : ૨૦ (તરવૈયા) | |

- ડાઈવીંગપુલ અડાજણ

**(૧૫ વર્ષ થી ૬૦ વર્ષની વયના ફકત અનુભવી તરવૈયાઓને જ પ્રવેશ આપવામાં આવશે.)**

| માર્ચ થી ઓકટોબર | નવેમ્બર થી ફેબ્રુઆરી |
|---|---|
| **સવારે** | **સવારે** |
| (૧) ૬ : ૧૫ થી ૭ : ૦૫ (તરવૈયા) | (૧) ૭ : ૦૦ થી ૭ : ૫૦ (તરવૈયા) |
| (૨) ૭ : ૧૫ થી ૮ : ૦૫ (તરવૈયા) | (૨) ૮ : ૦૦ થી ૮ : ૫૦ (તરવૈયા) |
| (૩) ૮ : ૧૫ થી ૯ : ૦૫ (તરવૈયા) | (૩) ૯ : ૦૦ થી ૯ : ૫૦ (તરવૈયા) |
| (૪) ૯ : ૧૫ થી ૧૦ : ૦૫ (તરવૈયા) | (૪) ૧૦ : ૦૦ થી ૧૦ : ૫૦ (તરવૈયા) |
| (૫) ૧૦ : ૧૫ થી ૧૧ : ૦૫ (તરવૈયા) | |
| **સાંજે** | **સાંજે** |
| (૧) ૪ : ૩૦ થી ૫ : ૨૦ (તરવૈયા) | (૧) ૫ : ૦૦ થી ૫ : ૫૦ (તરવૈયા) |
| (૨) ૫ : ૩૦ થી ૬ : ૨૦ (તરવૈયા) | |

❖ બાળ તરણકુંડો:–

- શ્રી વિનાયક જરીવાલા – ચોપાટી તરણકુંડ
- મીનીબજાર – વરાછા બાળ તરણકુંડ
- ઉધના બાળ તરણકુંડ
- ડીંડોલી બાળ તરણકુંડ

**(૦૫ વર્ષ થી ૧૦ વર્ષની વયના બાળકોને જ પ્રવેશ આપવામાં આવશે.)**

| માર્ચ થી ઓકટોબર | નવેમ્બર થી ફેબ્રુઆરી |
|---|---|
| **સવારે** | **સવારે** |
| (૧) ૬ : ૧૫ થી ૭ : ૦૫ (તરવૈયા) | (૧) ૭ : ૦૦ થી ૭ : ૫૦ (તરવૈયા) |
| (૨) ૭ : ૧૫ થી ૮ : ૦૫ (તરવૈયા) | (૨) ૮ : ૦૦ થી ૮ : ૫૦ (તરવૈયા) |
| (૩) ૮ : ૧૫ થી ૯ : ૦૫ (તરવૈયા) | (૩) ૯ : ૦૦ થી ૯ : ૫૦ (તરવૈયા) |
| (૪) ૯ : ૧૫ થી ૧૦ : ૦૫ (શિખાઉ) | (૪) ૧૦ : ૦૦ થી ૧૦ : ૫૦(શિખાઉ+તરવૈયા) |
| (૫) ૧૦ : ૧૫ થી ૧૧ : ૦૫ (તરવૈયા) | |
| **સાંજે** | **સાંજે** |
| (૧) ૪ : ૩૦ થી ૫ : ૨૦ (તરવૈયા) | (૧) ૫ : ૦૦ થી ૫ : ૫૦ (શિખાઉ + તરવૈયા) |
| (૨) ૫ : ૩૦ થી ૬ : ૨૦ (શિખાઉ) | |

- **નોંધ**:– **તમામ તરણકુંડોનો શિયાળ સીઝન (નવેમ્બર થી ફેબ્રુઆરી માસ) દરમ્યાન શિખાઉ/રેગ્યુલર બેચોનો સમય બદલતો હોવાથી સમય–પત્રકનો અભ્યાસ કર્યા પછી જ નવા પ્રવેશ/રીન્યુ કરવાનું રહેશે.**

**સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ તરણકુંડોનાં સરળ સંચાલન/સુરક્ષા અને નિભાવ માટે નવા નીતિનિયમો ધોરણો સુરત મહાનગરપાલિકાની માસિક સાધારણ સભાના ઠરાવ નં.-૧૭૧/૨૦૧૮ તા.૩૦/૦૫/૨૦૧૮ તથા તા.૨૬/૦૬/૨૦૧૯ નાં રોજ મા.મ્યુનિ.કમિશ્નરશ્રી ની મંજુરી મળેલ અનુસાર તરણકુંડોમાં નીચે જણાવેલ ફી ના ધોરણો નકકી કરવામાં આવેલ છે.**

## -: ફીનાં ધોરણો :-

| અ.નં. | વિગત | તરવૈયા માટે | | રી-માર્ક્સ |
|---|---|---|---|---|
| ૧. | વ્યકિત દીઠ ત્રિમાસિક ફી શીખનાર માટે | (૧) એપ્રિલ થી જુન<br>(૨) જુલાઇ થી સપ્ટેમ્બર<br>(૩) ઓક્ટોબર થી ડિસેમ્બર<br>(૪) જાન્યુઆરી થી માર્ચ | રૂ.૧૨૦૦/-<br>રૂ.૧૨૦૦/-<br>રૂ.૭૦૦/-<br>રૂ.૭૦૦/- | - શીખનાર માટે રૂ.૧૨૦૦/-<br>- ત્રણ માસથી વધુ પ્રવેશ નહી. |
| ૨. | વ્યકિત દીઠ છ માસિક ફી | (૧) એપ્રિલ થી સપ્ટે.<br>(૨) જુલાઇ થી ડિસે.<br>(૩) ઓક્ટો. થી માર્ચ<br>(૪) જાન્યુ. થી જુન | રૂ.૨૦૦૦/-<br>રૂ.૯૦૦/-<br>રૂ.૯૦૦/-<br>રૂ.૨૦૦૦/- | |
| ૩. | વ્યકિત દીઠ વાર્ષિક ફી | (૧) એપ્રિલ થી માર્ચ<br>(૨) જુલાઇ થી જુન<br>(૩) ઓક્ટો.થી સપ્ટે.<br>(૪) જાન્યુ. થી ડિસે. | રૂ.૨૪૦૦/-<br>રૂ.૨૪૦૦/-<br>રૂ.૨૪૦૦/-<br>રૂ.૨૪૦૦/- | **નોંધઃ-** સને ૨૦૧૮-૧૯ થી ત્યારબાદ દરેક ૦૩ નાણાંકીય વર્ષ પૂર્ણ થયા બાદ વાર્ષિક ફી માં રૂ.૧૦૦/- નો વધારો કરવામાં આવશે. (ઠરાવ નં.૧૭૧/૨૦૧૮ નાં ક્રમ નં.૦૬ મુજબ) |
| ૪. | ગેસ્ટ ફી (બેચ દીઠ) | રૂ.૨૦૦/- | | ગેસ્ટ કુશળ તરવૈયા હોય તો જ પ્રવેશ આપવો. |
| ૫. | ડુપ્લીકેટ આઇડેન્ટીટી કાર્ડ | રૂ.૧૦૦/- | | પ્રથમ આઇકાર્ડ (લેમીનેશન) મફત આપવામાં આવશે. |
| ૬. | (અ) કોઇ પણ સંસ્થા કે જેમાં વધુમાં વધુ ૫૦ સભ્યો હોય તેવી સંસ્થા માટે દાખલ ફી<br>(બ) સંસ્થા દીઠ માસિક ફી | રૂ.૧૫,૦૦૦/-<br>(માત્ર ૩ કલાક માટે રોજીંદા બેચના સમય સિવાયના સમય માટે) | | માત્ર જાહેર રજા/વીકલી રજાના દિવસ માટે. મહાનગરપાલિકાની પૂર્વ પરવાનગી મેળવી પોતાની જવાબદારીએ ૩ કલાકના રૂ.૧૫,૦૦૦/- મેઇન્ટેન્સ ચાર્જ નોન રીફંડેબલ રકમ જમા કરાવી ઉપયોગ કરી શકશે. |
| ૭. | તરણકુંડમાં દાખલ થવા માટેના પ્રવેશ ફોર્મ દીઠ | ફ્રી | | રજીસ્ટ્રેશનની કાર્યવાહી તેમજ ફી ઓનલાઇન કરવાની છે. |
| ૮. | શૈક્ષણિક સ્થાનિક /રાજય/ રાષ્ટ્રીય કક્ષાની હરીફાઇ ની પૂર્વ ટ્રેનીંગ પ્રવૃત્તિ માટે<br>- રાષ્ટ્રીય કક્ષાએ કે આંતર રાષ્ટ્રીય કક્ષાની હરીફાઇમાં ૧ થી ૩ નંબર મેળવી મેડલ મેળવનારને<br>- આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સ્પર્ધામાં ભાગ લઇ ચૂકેલ. | વિનામૂલ્યે<br>વિનામૂલ્યે<br>વિનામૂલ્યે | | શૈક્ષણિક હેતુની હરીફાઇ અંગે સક્ષમ સત્તાનું પ્રમાણપત્ર લેવાનું રહેશે. |
| ૯. | - ન.પ્રા.શિ.સ.ની શાળા અને સુમન હાઇસ્કુલના વિદ્યાર્થીઓને. | ૫૦% ફીમાં રાહત | | |
| | - સીનીયર સીટીઝનને. | ૨૫% ફીમાં રાહત | | |
| ૧૦. | બેચ ટ્રાન્સફર ફી (ફકત ૧૦ સભ્યો પ્રતિ માસ) | રૂ.૨૦૦/- | | (૧) વધુમાં વધુ ૧૦ ટ્રાન્સફર પ્રતિ માસ કરવામાં આવશે.<br>(૨) બેચ ટ્રાન્સફર વખતે હયાત સભ્યોની સંખ્યાના આધારે ટ્રાન્સફરની પરમીશન આપવામાં આવશે. જે અંગે સ્વીમીંગપુલ ઇન્ચાર્જનો નિર્ણય માન્ય રાખવાનો રહેશે. |


❖ 'Login' માટે કૃપા કરીને નીચેના સ્ટેપોને અનુસરો:-

- સ્ટેપ ૦૧ : જો તમે એસ.એમ.સી. સાથે રજિસ્ટર ન હોય તો પ્રથમ એસ.એમ.સી. સાઈટ પર એકાઉન્ટ બનાવો.
  (કૃપા કરીને'Creat Account' બનાવવા માટેની વપરાશકર્તા માર્ગદર્શિકા(યુઝર મેન્યુલ) જુઓ.)
- સ્ટેપ ૦૨ : **Search URL** માં નીચે **URL** દાખલ કરો.

  https://suratmunicipal.gov.in/OnlineServices/

- સ્ટેપ ૦૩ : **" LOGIN "** બટન પર ક્લિક કરો.

કૃપા કરીને નીચેની છબી જુઓ.




- સ્ટેપ ૦૪ : બધી વિગતો યોગ્ય રીતે દાખલ કરો.

  ૧. નોંધાયેલ ઈ-મેઈલ સરનામું / મોબાઈલ નંબર દાખલ કરો.

  ૨. પાસવર્ડ દાખલ કરો.


  3. **'SIGN IN'** બટન પર ક્લિક કરો.

કૃપા કરીને નીચેની છબી જુઓ.




- સ્ટેપ ૦૫ : **'Online Services'** બટન પર ક્લિક કરો.


કૃપા કરીને નીચેની છબી જુઓ.



▪ સ્ટેપ ૦૬ : 'Swimming Pool Service' શોધો.

"Search & Enroll" બટન પર ક્લિક કરો.

કૃપા કરીને નીચેની છબી જુઓ.



- સ્ટેપ ૦૭ : વિકલ્પ પસંદ કરો.

૧. તમારી નોંધાયેલ સભ્ય -સૂચિ જોવા માટે **'My Registrations'** બટન પર ક્લિક કરો.


૨. તમારી વ્યવહારોની સૂચિ જોવા માટે **'My Transactions'** બટન પર ક્લિક કરો.

૩. તાજેતરની પ્રવૃત્તિઓની સૂચિ જોવા માટે **'Recent Activities'** બટન પર ક્લિક કરો.

૪. **'New Registration'** બટન પર ક્લિક કરો.
**(સ્ટેપ ૮ થી સ્ટેપ ૨૨ સુધી અનુસરો.)**

૫. સ્વિમિંગ પૂલ સર્વિસિસમાં તમારો રજીસ્ટર મેમ્બર લિસ્ટ જોવા માટે **'Search & Enroll Existing Member'** બટન પર ક્લિક કરો.
**(કૃપા કરીને "Enroll & Renewal" માટેની વપરાશકર્તામાર્ગદર્શિકા (યુઝર મેન્યુલ) જુઓ.)**


કૃપા કરીને નીચેની છબી જુઓ.



❖ **નવી નોંધણી(રજીસ્ટ્રેશન) માટે કૃપા કરીને નીચેના સ્ટેપોને અનુસરો-**

- સ્ટેપ ૦૮ : **'New Registration'** બટન પર ક્લિક કરો.

કૃપા કરીને નીચેની છબી જુઓ.




- સ્ટેપ ૦૯ : નીચેની બધી વિગતો યોગ્ય રીતે દાખલ કરો.

  १. નોંધાયેલ ઇ-મેઇલ આઈડી / મોબાઈલ નંબર દાખલ કરો.

  २. પાસવર્ડ દાખલ કરો.

  ૩. **'SIGN IN'** બટન પર ક્લિક કરો.


કૃપા કરીને નીચેની છબી જુઓ.




- સ્ટેપ ૧૦ : 'અંગ્રેજી / ગુજરાતી' વિકલ્પ પસંદ કરો.

**(બધી સુચના કાળજીપૂર્વક વાંચો અને તેનું પાલન કરો.)**

કૃપા કરીને નીચેની છબી જુઓ.



- સ્ટેપ ૧૧ : **વ્યક્તિગત વિગતોમાં બધી વિગતો યોગ્ય રીતે દાખલ કરો: -**

  ૧. પૂર્ણ નામ દાખલ કરો. (પ્રથમ નામ / મધ્યમ નામ / છેલ્લું નામ ફોર્મેટ)
  (જો તમારે બદલવું હોય તો)

  ૨. લિંગ પસંદ કરો. (પુરુષ / સ્ત્રી)
  (જો તમારે બદલવું હોય તો)

  ૩. આધાર કાર્ડ નંબર દાખલ કરો.

  ૪. જન્મ તારીખ દાખલ કરો.
  (જો તમારે બદલવું હોય તો)

  ૫. વર્તમાન સરનામું દાખલ કરો.
  (જો તમારે બદલવું હોય તો)

  ૬. કાયમી સરનામું દાખલ કરો.
  (જો સમાન સરનામું હોય તો 'Same as current Adress' ક્લિક કરવું.)

  ૭. જો તમે **'નગર પ્રાથમિક જીલ્લા પંચાયત સ્કૂલ અથવા સુમન હાઈસ્કુલ'**નાં વિદ્યાર્થી છો , તો **'Student of Nagar Prathmik School & Suman High school?'** પર ક્લિક કરવું.
  (હાલનું **'બોનોફાઈડ સર્ટીફીકેટ** અપલોડ કરો.)


  ૮. 'સ્વીમિંગ પૂલ' સૂચિમાંથી સ્વીમિંગ પૂલ પસંદ કરો.

  ૯. બેચ જૂથ પસંદ કરો.

  ૧૦. બેચ પસંદ કરો.

**(નોંધ :- અન્ય વિગતો / પસંદગીઓ ડિફોલ્ટ મહિતી તરીકે લેશે.)**

કૃપા કરીને નીચેની છબી જુઓ.



- ▯ સ્ટેપ ૧૨ : **જવાબદાર વ્યક્તિ / વાલીની વિગતોમાંબધી વિગતો યોગ્ય રીતે દાખલ કરો: -**

  ૧. પૂર્ણ નામ દાખલ કરો (પ્રથમ નામ / મધ્યમ નામ / છેલ્લું નામ ફોર્મેટ)

  ૨. જવાબદાર વ્યક્તિ / વાલીનો મોબાઈલ નંબર દાખલ કરો.

  ૩. ઈ-મેઈલ સરનામું દાખલ કરો.

  ૪. આધાર કાર્ડ નંબર દાખલ કરો.


  ૫. સરનામું દાખલ કરો.

  ૬. સંબંધ પસંદ કરો. (અરજદાર સાથેના સંબંધ)

  ૭. સુરક્ષા તપાસ માટે જવાબ દાખલ કરો.

  ૮. **'SUBMIT '** બટન પર ક્લિક કરો.

કૃપા કરીને નીચેની છબી જુઓ.



- ▯સ્ટેપ ૧૩ : **'Health Fitness Certificate For Swimming'** ડાઉનલોડ કરો: -


  १. **'ACTION'** બટન પર ક્લિક કરો.

  २. **'Download Fitness Certificate'** વિકલ્પ પસંદ કરો.

  ૩. હેલ્થ ફિટનેસ સર્ટિફિકેટ ની પીડીએફ ફાઈલ ખોલો અને પ્રિંટ કરો.

  ४. ડોક્ટરની ક્લિનિક પર જઈ અને તેને પ્રમાણિત કરાવો.

કૃપા કરીને નીચેની છબી જુઓ.





- ▯સ્ટેપ ૧૪ : તમારા બધા દસ્તાવેજો અપલોડ કરો: -

  १. **'ACTION'** બટન પર ક્લિક કરો.

  २. **'Documents'** વિકલ્પ પસંદ કરો.

કૃપા કરીને નીચેની છબી જુઓ.



- સ્ટેપ ૧૫ : તમારા બધા દસ્તાવેજો અપલોડ કરો: -

૧. **'Health fitness Certificate'** અપલોડ કરો.
(કદ 500 Kb સુધીનું અને .jpeg / .jpg ફોર્મેટમાં હોવું આવશ્યક છે.)

૨. પાસપોર્ટ સાઈઝ ફોટો અપલોડ કરો.
(કદ 100 Kb સુધીનું અને .jpeg / .jpg ફોર્મેટમાં હોવું જોઈએ.)

૩. પોતાની સહી અપલોડ કરો.
(કદ 50 Kb સુધીનું અને .jpeg / .jpg ફોર્મેટમાં હોવું આવશ્યક છે.)
અને
વાલીની સહી અપલોડ કરો.**(જો તમારી ઉંમર 16 વર્ષથી ઓછી હોય તો.)**
(કદ 50 Kb સુધીનું અને .jpeg / .jpg ફોર્મેટમાં હોવું આવશ્યક છે.)
**(નોંધ:-સહી માટે વ્હાઈટ પેપર અને બ્લુ /બ્લેક કલર પેનનો ઉપયોગ કરવો.)**


૪. નીચેના કોઈપણ એક દસ્તાવેજ અપલોડ કરો.
(આધારકાર્ડ / પાનકાર્ડ / ડ્રાઈવિંગ લાઈસન્સ / ચૂંટણી કાર્ડ)
(કદ 500 Kb સુધીનું અને .jpeg / .jpg ફોર્મેટમાં હોવું આવશ્યક છે)

૫. જો તમે નગર પ્રાથમિક જીલ્લા પંચાયત શાળા/સુમન હાઈસ્કુલનાં વિદ્યાર્થી તરીકે નોંધણી કરવા માંગો છો , તો હાલનું **'School Bonofite Certificate'** અપલોડ/જમા કરો.
(કદ 500 Kb સુધીનું અને .jpeg / .jpg ફોર્મેટમાં હોવું આવશ્યક છે)

૬. **'SUBMIT'** બટન પર ક્લિક કરો

**(નોંધ :- નવા નોંધણી પછી અને ચુકવણી પહેલાં બધા દસ્તાવેજો અપલોડ કરવા.)**

કૃપા કરીને નીચેની છબી જુઓ.




- સ્ટેપ ૧૬ : **નોંધાયેલ માહિતીમાં ફેરફાર: -**

  ૧. જો તમે નોંધણી કરેલી માહિતીમાં ફેરફાર કરવા માંગતા હોય તો **'Edit'** બટન પર ક્લિક કરો.

  ૨. જો તમે સ્વીમિંગ પૂલમાં સભ્ય તરીકેની નોંધણી રદ કરવા માંગતા હોય તો **'Remove'** બટન પર ક્લિક કરો.

**(નોંધ: -તમે ફીની ચુકવણી કર્યા પછી નોંધાયેલ માહિતીમાં Edit/Remove કરી શકશો નહીં.)**

કૃપા કરીને નીચેની છબી જુઓ.




❖ **નોંધ:-** કૃપા કરીને, ફીની ચુકવણી માટે આગળ વધો તે પહેલાં "બેચ ગ્રુપ" ને તપાસો. જો તે યોગ્ય નથી, તો પછી તમે નીચે આપેલા સ્ટેપોને અનુસરો : -

(1) "Action" બટન પર ક્લીક કરો.

(2) આપેલા વિકલ્પોમાંથી"Edit" વાળો વિકલ્પ પસંદ કરો.


(3) ચાલું અને સાચો "Batch Group" પસંદ કરો.

(4) "Update" બટન પર ક્લીક કરો.

- સ્ટેપ ૧૭ : ફીની ચુકવણી માટેની પ્રક્રિયા : -
  1. ‘ACTION’ બટન પર ક્લિક કરો.
  2. 'Pay Now' વિકલ્પ પસંદ કરો.


**(નોંધ: - ફીની ચુકવણી દરમ્યાન , તમે સંમત થાઓ છો કે તમારા દ્વારા આપવામાં આવેલી બધી માહિતી સાચી છે અને જો કોઈ માહિતી ખોટી જણાય તો આ કિસ્સામાં રકમ પરત મળી શકાશે નહીં.)**

કૃપા કરીને નીચેની છબી જુઓ.





- સ્ટેપ ૧૮ : ' PROCEED FOR PAYMENT ' બટન પર ક્લિક કરો.

કૃપા કરીને નીચેની છબી જુઓ.




- સ્ટેપ ૧૯ : **'OK'** બટન પર ક્લિક કરો.

  કૃપા કરીને નીચેની છબી જુઓ.





- સ્ટેપ ૨૦ : તમારી **'Payment Method'** પસંદ કરો અને **'Make Payment'** કરો.

  કૃપા કરીને નીચેની છબી જુઓ.



- સ્ટેપ ૨૧ : સફળ ચુકવણી માટે તમને નીચેની સ્ક્રીન જોવા મળશે.
  (તાજેતરની ચુકવણી જોવા માટે **'Recent Transaction'** બટન પર ક્લિક કરો.)

  કૃપા કરીને નીચેની છબી જુઓ.




- સ્ટેપ ૨૨ : ફી-ચુકવણીની રસીદ જોવા માટે**'PRINT RECEIPT'** બટન પર ક્લિક કરો.

| |
|---|
| **નોંધ:- આઈકાર્ડ મેળવવા માટે ૧ પાસપોર્ટ સાઈઝ ફોટો અપલોડ કરેલ ઓરિજિનલ મેડિકલ ફિટનેશ સર્ટિફિકેટ, સરનામું દર્શાવતું ડોક્યુમેન્ટની ઝેરોક્ષ અને ઓનલાઈન ચુકવણી કરેલ ફી-રસીદ સાથે ઓફિસના સમય દરમ્યાન સવારે ૭:૦૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધીમાં સ્વીમિંગ પૂલ ઓફિસની મુલાકાત લેવી.** |

| |
|---|
| **નોંધ :- સીટ ઉપલબ્ધ હોય અને તમે ફીની ચુકવણી સફળ રીતે કરી હોય તો જ પ્રવેશ કન્ફર્મ ગણવામાં આવશે.** |